(1) સૌર ચક્રના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) તાજેતરમાં વૈજ્ઞાનિકો દ્વારા 24મું સૌર ચક્ર શરૂઆત થવાની ઘોષણા કરવામાં આવી હતી.

(2) સૌર ચક્રની શરૂઆતની માહિતી સૌર–કલંકોના માધ્યમથી મેળવી શકાય છે.

(3) સૌર ચક્રની શરૂઆત એ સૌર ન્યૂનતમથી થાય છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નાસા અને "નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફીયરિક એડમિનિસ્ટ્રેશન" (NOAA)ના વૈજ્ઞાનિકો દ્વારા એક નવા અને સૌર ચક્ર શરૂ હોવાના અંદાજોની ઘોષણા કરી હતી.

⇛ આ નવા સૌર ચક્રને 25મું સૌર ચક્ર કહેવામાં આવી રહયું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ સૌર ચક્ર 25 માટે "સૌર ન્યૂનતમ" (Solar Minimum) ડિસેમ્બર 2019માં ઘટિત થયું હતું.

⇛ સૂર્ય એક વિદ્યુત ચાર્જ ધરાવતા ગરમ ગેસનો વિશાળ દડો છે. આ ચાર્જ ગેસ ગતિ કરીને એક શકિતશાળી ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરે છે, આ ચુંબકીય ક્ષેત્ર એક ચક્રથી પસાર થાય છે, તેને સૌર ચક્ર કહેવામાં આવે છે.

⇛ પ્રત્યેક 11 વર્ષ પછી સૂર્યનું ચુંબકીય ક્ષેત્ર પૂરી રીતે ઉલ્ટુ થઈ જાય છે.

⇛ વૈજ્ઞાનિકો સૌર–કલંકો (Sunpots)ના માધ્યમથી સૌર ચક્રો વિશે માહિતી મેળવે છે.

⇛ કોઈપણ ચક્રની શરૂઆતમાં સામાન્ય રીતે અમુક સૌર–કલંકો હોય છે, આથી તેને "સૌર ન્યૂનતમ" કહેવામાં આવે છે.

## (2) "ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન-અપ દિવસ"ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) વર્ષ 2020ના આ દિવસની થીમ "કચરા મુકત દરિયાકાંઠો પ્રાપ્ત કરવો" રાખવામાં આવી હતી.

(2) આ દિવસે ભારત દ્વારા 8 દરિયાકાંઠા માટે બ્લૂ ફ્લેગ પ્રમાણપત્રની ભલામણ કરી હતી.

(3) આ દિવસનું આયોજન "ઓશન કન્ઝર્વન્સી ઓર્ગેનાઈઝેશન" દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ પ્રત્યેક વર્ષ 19 સપ્ટેમ્બરને "ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન–અપ દિવસ" તરીકે મનાવવામાં આવે છે.

⇛ આ દિવસનો ઉદ્દેશ્ય એ દરિયાકાંઠા પરના પ્રદૂષણ અને કચરાથી મુકત રાખવા માટે લોકોમાં જાગૃતિ કેળવવાનો છે.

⇛ આ દિવસની શરૂઆત વર્ષ 1986માં લિંડા મર્નાનિસ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદથી "ઓશન કન્ઝર્વન્સી ઓર્ગેનાઈઝેશન" દ્વારા પ્રત્યેક વર્ષે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ "કચરા મુકત દરિયાકાંઠો પ્રાપ્ત કરવો" (Achieving a Trash free Coastline) રાખવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**(3) મહામારી રોગ (સુધારણા) બિલ, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ બિલ કોઈપણ સ્વાસ્થ્ય કર્મીના જીવનને નુકસાન પહોંચાડવુ કે જોખમને બિન–જામીન ગુનો બનાવે છે.
(2) સ્વાસ્થ્ય કર્મીના જીવનને નુકસાન પહોંચાડવાના કિસ્સાઓમાં બિલ અંતર્ગત આજીવન કેદની જોગવાઈ છે.
(3) ગુનેગાર દ્વારા સ્વાસ્થ્ય કર્મીને નુકસાન પહોંચાડવાના કિસ્સામાં વળતર આપવું પડશે.
(4) સ્વાસ્થ્ય કર્મી અંતર્ગત નર્સનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાજ્યસભા દ્વારા 19 સપ્ટેમ્બર, 2020ના રોજ મહામારી રોગ (સુધારણા) બિલ, 2020 પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ દ્વારા મહામારી રોગ અધિનિયમ, 1897માં સુધારો કરવામાં આવ્યો છે.

⇛ તેના અંતર્ગત સ્વાસ્થ્ય કર્મીઓની સુરક્ષાનો સમાવેશ કરવામાં આવેલો છે.

⇛ જો કોઈ સ્વાસ્થ્ય કર્મીના જીવનને નુકસાન, ઈજા કે કોઈ જોખમ થશે તો તેને બિન–જામીન ગુનો માનવામાં આવશે.

⇛ આવા કિસ્સાઓમાં 3-5 મહિનાની જેલ એ 50000થી 2 લાખ સુધીના દંડની જોગવાઈ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ સ્વાસ્થ્ય કર્મી અંતર્ગત સેવા આપનાર ડોકટર અને નર્સ બંનેનો સમાવેશ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ સ્વાસ્થ્ય કર્મી વિરુદ્ધ ગુનો કરનાર વ્યકિતએ વળતર ચૂકવવું પડશે. આવી બાબતોની તપાસ એ ઈન્સ્પેકટર કે તેના પદથી ઉપરના અધિકારી દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) ઔદ્યોગિક સંબંધ સંહિતા, 2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) તેના દ્વારા ટ્રેડ યુનિયનોને માન્યતા આપવામાં આવી છે.

(2) આ બિલ અંતર્ગત 300 કે તેથી વધુ શ્રમિકો ધરાવતી કંપનીઓ માટે જરૂરી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે જેના અંતર્ગત સમયબદ્ધતા અને રોજગારની સમાપ્તિનો સમાવેશ થાય છે.

(3) આ સંહિતામાં હડતાલ તથા લોક–આઉટ જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ ઔદ્યોગિક સંબંધ સંહિતા, 2020 અંતર્ગત ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, 1947, વ્યાપાર સંઘ અધિનિયમ, 1926 અને ઔદ્યોગિક રોજગાર (સ્થાયી આદેશ) અધિનિયમ, 1946ને સમાવી લેવામાં આવેલ છે.

⇒ આ સંહિતા એ ટ્રેડ યુનિયનોને માન્ય પ્રદાન કરે છે.

⇒ સંહિતા અંતર્ગત સ્ટ્રાઈક અને લોકઆઉટ, સ્થાયી ઓર્ડર અને ઔદ્યોગિક વિવાદોના સમાધાન માટે "નોટિસ સમય"ની જોગવાઈ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ બિલમાં 300 કે તેથી વધુ શ્રમિકો ધરાવતી કંપનીઓ માટે અનિવાર્ય જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે, જેથી સેવાની શરતોના સંબંધમાં આદેશ તૈયાર કરી શકાય. જેમાં સમયબદ્ધતા અને રોજગારની સમાપ્તિનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ''આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ''ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ દિવસનું આયોજન એ ''વર્લ્ડ ટુગેધર ફોર પીસ'' નામની બિન–નફાકારક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

(2) આ દિવસે ''અહિંસાના 24 કલાકો''નું આયોજન વિશ્વના દેશો દ્વારા કરવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ ''એક સાથે શાંતિને આકાર આપીએ'' રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પ્રત્યેક વર્ષે 21 સપ્ટેમ્બરને સંયુકત રાષ્ટ્ર દ્વારા ''આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ''ના રૂપમાં મનાવવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્ષ 1981માં પ્રથમ વખત આ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવાનો છે. આ દિવસ સંયુકત રાષ્ટ્રના બધા જ સભ્ય દેશો દ્વારા મનાવવામાં આવે છે.

⇛ આ દિવસે સંયુકત રાષ્ટ્ર દ્વારા 'અહિંસાના 24 કલાકો''નું આયોજન આંતરરાષ્ટ્રીય શાંતિને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ એ ''એકસાથે શાંતિને આકાર આપીએ (Shaping Peace Together'' રાખવામાં આવી હતી.

⇛ સ્વાસ્થ્ય મૂળભૂત માળખા (આયુષ્માન ભારત સહિત) માટે ઋણ સીમા બમણી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT